શિવરંજની વસાહત, સેક્ટર-૬ બી ખાતે કાર્યરત મીરાં ભજન મંડળ દ્વારા સભ્ય બહેનો માટે શુક્રવારે એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બહેનોએ અમરનાથ, સ્વપ્નસૃષ્ટિ, મહુડી, કોટયર્ક મંદિર વગેરે ધાર્મિક સ્થાનોની મુલાકાત લીધી હતી. આ દરમ્યાન બહેનોએ પીંડારડા ગામે સ્થિત આમ્રપાલી વૃદ્ધાશ્રમની મુલાકાત લઈ વૃધ્ધો માટે ભજન કાર્યક્રમનું આયોજન કર્યું હતું અને તેમને નેપકિન્સની ભેટ અર્પણ કરી હતી.

# એક જ કંપનીમાં નોકરી કરતી બે યુવતીઓનો કેનાલમાં આપઘાત

## બંને સહકર્મીઓએ એક સાથે આપઘાત કરી લેવા પાછળનું રહસ્ય અકબંધ : કલોલથી આવીને લીંબડીયા કેનાલમાં ઝંપલાવ્યું હતું

ગાંધીનગર, તા.૯

કલોલ તાલુકા વિસ્તારમાં સાંતેજ રાયપુર વિસ્તારમાં સ્થિત એક કંપનીમાં નોકરી કરતી બે યુવતીઓએ ગત મોડી સાંજે લીંબડીયા નર્મદા કેનાલમાં કોઈ કારણોસર ઝંપલાવીને આપઘાત કરી લેતા ચક્ચાર મચી જવા પામી છે. બંને સહકર્મી યુવતીઓમાં એક યુવતીની ઉંમર ૧૮ વર્ષ છે જ્યારે એક પરિણીત યુવતી ઉંમર ૨૫ વર્ષની છે. તેણીના હાથે 'દિયર'નો મોબાઈલ નંબર લખેલો મળી આવતા પોલીસે તપાસ કરીને ઓળખ કરી પરિવારજનોને બોલાવ્યા હતા. ડભોડા પોલીસે અકસ્માત મોતને આધારે ગુનો નોંધી બંને મૃતદેહ પી.એમ. કરાવી કારણ જાણવા સઘન તપાસ શરુ કરી છે.

મોડી સાંજે આઠ વાગ્યાના અરસામાં લીંબડીયા નર્મદા કેનાલના પુલ પરથી થોડે થોડે અંતરેથી બે યુવતીઓએ કેનાલમાં છલાંગ લગાવી હતી. કેનાલ સિક્યુરીટી ગાર્ડનું ધ્યાન બંને યુવતીઓ પર પડતા તાત્કાલીક કેનાલમાં પાણીમાં કુદી પડયો હતો અને બંનેને બચાવવાના પ્રયત્નો શરુ કરી દીધાં હતાં. જો કે કેનાલની વચ્ચોવચ પહોંચે ત્યાં સુધીમાં બંને યુવતીઓએ શ્વાસ છોડી દીધા હતાં. ડભોડા પોલીસને જાણ થતાં તાબડતોબ સ્ટાફના માણસો સાથે પીએસઆઈ વાઘેલા સ્થળ પર દોડી આવ્યા હતાં. બંને મૃતદેહ બહાર કાઢી તપાસ કરી તો એક ૨૫ વર્ષીય યુવતીના ડાબા હાથે મોબાઈલ નંબર લખેલો મળી આવ્યો હતો. જેને આધારે બંને યુવતીની ઓળખ થઈ હતી. મોબાઈલ નંબર મૃતકના દિયરનો હતો. ૨૫ વર્ષીય ગીતાબેન દિનેશભાઈ ઠાકોર મુળ મહેસાણાના અને હાલ કલોલ તાલુકાના સાંતેજ-રતનપુર ખાતે એક કંપનીમાં કામ કરતા હતાં. જયારે આ જ કંપનીમાં નોકરી કરીને રહેતી અને મુળ ઓરીસ્સાની ૧૮ વર્ષીય યુવતી રીન્કુ ઉર્ફે જયોતિ મોહનભાઈ નાયકનો મૃતદેહ હોવાનું બહાર આવ્યું હતું. એક જ કંપનીમાં નોકરી કરતી બંને યુવતીઓએ કયાં કારણોસર કેનાલમાં કુદવું પડયું? તે રહસ્ય હજુ અકબંધ છે. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને સઘન તપાસ હાથ ધરી છે.

## પોલીસે રાત્રે ઓરીસ્સાની ભાષા જાણતા મજુરને શોધવો પડયો...!

કેનાલમાં આપઘાત કરનાર બે યુવતીઓ પૈકી એક ૧૮ વર્ષની યુવતી રીન્કુ ઉર્ફે જયોતી મુળ ઓરીસ્સા વિસ્તારની હતી. તેણીની માતા ને દિકરીના આપઘાત વિશે જાણ થતા રાત્રે સ્થળ પર આવી પહોંચી હતી. પરિસ્થિતિ એવી ઉદભવી કે રીન્કુની માતાને હિન્દી કે ગુજરાતી જેવી એક પણ ભાષામાં બોલતા કે સમજતા આવડતું ન હતું. તે માત્ર ઓરીસ્સાની ઉડીયા ભાષા જાણતી હતી તેથી વાતચીત સમજવા માટે રાત્રે પોલીસે ઓરીસ્સાની ઉડીયા ભાષા જાણતી વ્યકિતને શોધવા નીકળવું પડયું હતું. એકાદ કલાક બાદ એક મજુર જે ઓરીસ્સાનો હતો તેને પોલીસ શોધી લાવી હતી અને કોમ્યુનીકેશન કરી કાર્યવાહી આગળ ધપાવી હતી.

# પોર ભવાની મંદિરમાંથી ઘંટ ચોરનાર ઝડપાયો

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર નજીકના પોર ગામમાં સ્થિત ભવાની મંદિરમાંથી સમાહ અગાઉ ઘંટની ઉઠાંતરી કરનાર શખ્સને એલસીબી પોલીસે ઝડપી લીધો છે. મંદિરમાં લગાવેલ સી.સી.ટી.વી. કેમેરાને આધારે ચોર ઈસમનું કુટેજ મેળવી પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર પોર ગામમાં આવેલ ભવાની મંદિરમાંથી ગત અઠવાડિયા દરમિયાન કોઈ ઈસમે રૂ. ૧૫૦૦ની કિંમતના પિત્તળના ઘંટની ચોરી કરી હતી. જ્યારે મંદિરમાં લગેવાલા સી.સી. ટી.વી. કેમેરાને આધારે આ ચોરની ઓળખ છતી થઈ હતી.

એલ.સી.બી. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી કોબા સર્કલ સામે સ્થિત છાપરા વિસ્તારમાંથી આરોપી દિપક લક્ષ્મણભાઈ પટ્ટણીને ઝડપી લીધો હતો.

### સ્ટેશનરીની દુકાનોમાં વેપારીઓનો પારો ઉંચકાયો...

# ગુજરાત બોર્ડના ગ્રાહકોને માન ને અન્યને અપમાન કરતા વેપારીજનો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના વાલીઓ ૧૦મીથી શાળા ખૂલતા બાળકોને પુસ્તકો, સ્કૂલબેગ, યુનિફોર્મ વગેરે ખરીદવા બજારમાં ઉમટી પડયા છે ત્યારે કેટલાક વેપારીઓ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના પુસ્તકો, નોટબુકો ખરીદતા વાલી સિવાય અન્ય ગ્રાહકો તરફ ધ્યાન આપતા નથી અને જાણે આસમાને પારો ચડાવી ગ્રાહકોને નારાજ કરતા હોવાની ફરિયાદો મળી છે.

નગરના સેકટર-૨૧ના મુખ્ય બજાર તથા સેકટર-૧૬, સેકટર-૨૪ની સ્ટેશનરીની તથા કાપડની દુકાનોમાં વાલી અને વિદ્યાર્થીઓની ખૂબ જ ભીડ જામી રહી છે. છેલ્લા અઠવાડિયાથી દરેક વાલી પોતાના વિદ્યાર્થીની શાળાઓ ખૂલવાની હોવાથી નોટ, ચોપડા, કંપાસ, સ્કૂલ બેગ, સ્ટીકર્સ, પેન, પેન્સિલ, રબર, યુનિફોર્મ વગેરે ખરીદવા માટે પડાપડી કરી રહ્યા છે. ગુજરાત રાજયની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આજે તા.૧૦મીથી શરુ થઈ રહી છે ત્યારે છેલ્લા ૪-૫ દિવસથી લોકો કાપડની દુકાનોમાં યુનિફોર્મ માટે અને સ્ટેશનરીની દુકાનોમાં પાઠય પુસ્તકો, નોટબુકો ખરીદી રહ્યા છે ત્યારે આ દુકાનોમાં અન્ય ગ્રાહક સ્ટીકર્સની, પેન પેન્સિલ કે અન્ય બોર્ડની વર્કબુક માંગે તો વેપારીઓ તેઓને યોગ્ય સહકાર આપતા નથી અને ધુત્કારીને વસ્તુ હોવા છતાં નથી તેમ કહી ચાલતા કરી દે છે. સાવ અવિવેકી વર્તન અને હાવભાવ કરતા વેપારીઓ સામે સામાન્ય ગ્રાહકોએ લાલ આંખ કરી છે અને ગુસ્સો વ્યકત કરી ફરી એ દુકાનોમાં વસ્તુ લેવા ન જવાની મનમાં જાણે ગાંઠ મારી રહ્યા છે.

સામાન્ય સંજોગોમાં ગ્રાહક અને વેપારીના સંબંધો એકદમ સુમેળ ભર્યા અને એકબીજાના મીઠા વચનોથી ભરેલા હોય છે. પરંતુ ઘણીવાર વેપારી પોતાના સ્વાર્થમાંને સ્વાર્થમાં વધુ ગ્રાહકો જોઈને આ મીઠી ભાષા કે વિવેકી વર્તન ભૂલી જાય છે જેની તેના વેપાર ઉપર લાંબા ગાળે અસર ચોકકસ વર્તાય છે. સેકટર-૨૧ના વેપારીઓ પણ લગભગ આવું વર્તન કરી ગ્રાહકોને નારાજ કરી રહ્યા છે.

# ડેરી વિકાસ અંગે પ્રથમવાર યોજાઈ રહેલા પરિસંવાદ માટે લોખંડી સુરક્ષા

## ચાર આઈ.પી.એસ. અધિકારીના સુપરવિઝન હેઠળ એક હજારથી વધુ પોલીસ બંદોબસ્તમાં તૈનાત

ગાંધીનગર, તા. ૯

દેશમાં પ્રથમવાર ડેરી વિકાસ અંગે યોજાનાર પરિસંવાદ ૧૧મી જુનના રોજ ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે યોજાશે. જેમાં ૭ હજારથી વધુ પશુપાલકો, ડેરી વૈજ્ઞાનીકો, નીતિ નિર્ધારકો સહિત પ્રગતિશીલ પશુપાલકો ઉપસ્થિત રહેશે જેને પગલે મહાત્મા મંદિર વિસ્તારમાં લોખંડી સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દઈને ચાર આઈ.પી.એસ. અધિકારીના સુપરવિઝન હેઠળ એક હજારથી પણ વધુ પોલીસને બંદોબસ્ત માટે તૈનાત કરી દેવામાં આવી છે.

પશુપાલન અને ડેરી વિકાસ ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિથી સમગ્ર દેશનાં પશુપાલકો, તજજ્ઞો અને ડેરી નિષ્ણાંતો વાકેફ થાય અને અન્ય રાજયોના અનુભવો અને જ્ઞાનથી ગુજરાતના પશુપાલકો માહિતગાર થાય તે આશયથી ગાંધીનગરનાં મહાત્મા મંદિર ખાતે ૧૧મી જુને પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તથા શાંતિ અને સલામતી હેઠળ કાર્યક્રમ સંપન્ન થાય તે માટે પોલીસે સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવી દીધી છે. ૩ એસ.પી., એક એ.એસ.પી., ૧૭ ડીવાયએસપી, ૩૫ પી.આઈ., ૧૨૫ પીએસઆઈ, ૫૫૦ પોલીસ, ૫૦ મહિલા પોલીસ, ૧૫૦ ટ્રાફીક પોલીસ, ૩૦ કમાન્ડો, એસઆરપી, પાંચ બોમ્બ ડીસ્પોઝલ સ્કવોર્ડ તથા કવીક રીસ્પોન્સ ટીમને આવતીકાલે ૧૦ જૂનથી જ બંદોબસ્ત માટે તૈનાત કરવાની સુચના આપી દેવાઈ છે.

# સે.૩-બીમાં અવાર નવાર ગટર ઉભરાતા રહીશોને પરેશાની

ગાંધીનગર, તા.૯

સે-૩-બી ખાતે છેલ્લા ઘણા સમયથી ગટરો અવાર નવાર ઉભરાતા સ્થાનિક રહીશો ખુબ જ દુર્ગંધ અને ગંદકીના કારણે તોબા પોકારી ગયા છે. અવાર નવાર રજુઆતો કરવાથી તંત્ર ગટરની સાફ સફાઈ પણ કરી જાય છે. પરંતુ એક-બે દિવસમાં યથા સ્થિત પ્રવર્તમાન થઈ જાય છે. નગરમાં ગટરો ઉભરાવવાની વ્યાપક ફરિયાદો તંત્રને મળતી હોય છે. તંત્ર તેના ઉપર યોગ્ય કાર્યવાહી પણ કરતું હોય છે. પરંતુ ખરેખર કોઈક અભાવના કારણે અવારનવાર આવા બનાવો છાશવારે બનતા જ જાય છે. સેકટર-૩-બીમાં અવાર નવાર તંત્ર દ્વારા આ ગટરને સાફ પણ કરવામાં આવે છે. પરંતુ આ પ્રશ્ન હલ થવાનું નામ જ ન લેતો હોય તેવું લાગી રહ્યું છે. અવાર નવાર ગટર ઉભરાતા સેકટરમાં વ્યાપક ગંદકી ફેલાઈ છે અને ગંદકીના કારણે રોગચાળો ફેલાય તેવી પણ દહેશત ઉઠવા પામી છે. સ્થાનિકો દ્વારા આ પ્રશ્ન વેળાસર ઉકલે તેવી માંગણી પણ કરવામાં આવી છે.

# ભંગારીયાની કોલ ડીટેઈલ મેળવીને પોલીસે ચોરને પકડશે

## રૂ. ૨૫.૯૦ લાખનો ચોરીનો માલ જે ભંગારના ગોડાઉનમાં પડ્યો હતો તેનો માલીક કોના-કોના સંપર્કમાં હતો તેની તપાસ થશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સેક્ટર-૧૫ ફતેપુરા વિસ્તારમાં આવેલા એક ભંગારના ગોડાઈનમાંથી બીએસએનએલ મોબાઈલ ટાવરના કિંમતી ઈક્વીપમેન્ટ મળી આવ્યા હતા. રૂ. ૨૫.૯૦ લાખની કિંમતનો ચોરીનો માલ જે ગોડાઉનમાંથી મળ્યો તે ભંગારીયા શખ્સને પોલીસે પકડીને અટકાયત કરી ચોરીનો માલ કબ્જે કર્યો છે. પરંતુ ચોર સુધી પોલીસ પહોંચી શકી નથી કોઈ વાન લીને આવેલો માણસ માલસામાન મુકવા આપી ગયો હોવાનું કહીને ભંગારીયો છટકી ગયો છે. પોલીસે હવે તે ભંગારીયાના મોબાઈલની કોલ ડીટેઈલને આધારે મુળ ચોર સુધી પહોંચવા માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

સેક્ટર-૭ પોલીસમથકના પીએસઆઈ એ.જી. રાઠોડે બાતમીને આધારે પતેપુરા સે. ૧૫ના ભંગારના ગોડાઉનમાંથી ચોરીનો રૂ. ૨૫.૯૦ લાખનો મુદ્દામાલ પકડી પાડ્યો હતો. બીએસએનએલના મોબાઈલ ટાવરની ફીકવન્સી સેટ કરવા માટે વપરાતી કિંમતી ઈક્વીપમેન્ટસ ચોરનાર વ્યક્તિ સુધી હજુ સુધી પોલીસ પહોંચી શકી નથી. આ ચોરીનો કિંમતી માલ મુકવા માટે એક વાનમાં માણસ આવ્યો હતો. તેવું પકડાયેલા ભંગારીયા શખ્સનું કહેવું છે.

પોલીસે હવે બીએસએનએલ પાસેથી રાજયભરમાં કરેલા ઈક્વીપમેન્ટસ ચોરાયા છે. તેની વિગતો મંગાવીને મુળ ચોર સુધી પહોંચવા માટે ભંગારીયાના કોલ ડીટેઈલ મેળવી તપાસ આગળ ધપાવી છે. આ શખ્સ કોના-કોના સંપર્કમાં વધુ હતો તે તમામની ડીટેઈલ લઈને પોલીસ પુછપરછ કરી ચોરો સુધી પહોંચશે.

# દહેગામના શ્રીનાથ બંગ્લોઝની જમીન ઉપરના બાંધકામ સામે શરતભંગની ફરિયાદ

(તસવીર : હસમુખ આચાર્ય, દહેગામ)

દહેગામ, તા. ૯

દહેગામના સર્વે નંબર ૧૬૮૬ની ૫૦૬૮૭ ચો.મી. જમીનમાં રહેણાંકના હેતુ માટે બિન ખેતીની મંજુરી આપવામાં આવેલ હોય જે આધારે સ્થળ પર શ્રીનાથ બંગ્લોઝનું બાંધકામ કરવામાં આવેલું છે. શ્રીનાથ બંગ્લોઝ અને રાજ્ય ધોરીમાર્ગની વચ્ચે સદર જમીનમાં શ્રીનાથ આર્કેટના નામે બે માડિયા એવી ૭૦ ઉપરાંત પાકી વાણીજ્યની દુકાનો રાતોરાત બાંધી દેવામાં આવી છે. રાજ્ય ધોરીમાર્ગની બાબતમાં રેખાનિયંત્રણના નિયમોના થતા ભંગ બાબતે યોગ્ય સત્તાધિકારી ના.કા.ઈ. ગાંધીનગર દ્વારા તા. ૪-૬-૧૨ના પત્રથી કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે. જેને ૯ માસના અંતે યોગ્ય પગલા નહિ ભરાતા અને નિયંત્રણ રેખા ભંગ અન્વયેની દુકાનો ઉભી હોય અને જેમાં દુકાનો શરૂ થઈ ગઈ હોઈ પ્રજામાં ભ્રષ્ટાચાર અંગેની ગંધ આવતા તરેહ-તરેહની ચર્ચાઓ ઉઠતી રહી છે. આ પ્રકરણમાં કલેક્ટર કચેરીના હુકમ અન્વયે કેટલીક શરતોનો પણ ભંગ થયો હોવાની જાહેર ચર્ચાઓને લઈ જે સામેની ઘટતી કાર્યવાહી સામેના વિલંબને લઈ ભીનુ શંકેલાયા અંગે નગરજનોમાં દહેશત ઉઠી છે.

સર્વે નં. ૧૬૮૬ની અંદાજીત ૫૦૬૮૭ ચો.મી. જમીનને રહેણાંકના હેતુ માટે બેની ખેતીની મંજુરી મેળવ્યા બાદ સદર જમીનમાં જો વાણીજ્યના હેતુસરની મોટી સંખ્યામાં બે માડિયા પાકી દુકાનોનું બાંધકામ કરવામાં આવ્યું હોય તેવા સંજોગોમાં રહેણાંકની જમીનમાં વાણિજ્યનું બાંધકામ જો હેતુફેર કરાયા સિવાયનું હોય તો જ્યાં શરત ભંગ થયો ગણાય. જો શરતભંગ કરવામાં આવ્યો હોય તો અને માર્ગ નિયંત્રણ રેખા ભંગ કરાયો હોય ત્યારે કયા સંજોગોમાં કેટલીક દુકાનો કાર્યાનવંત થયેલ છે. જે પ્રશ્ને નગરમાં ચર્ચા જગાવી છે. ઉપરોક્ત કાયદાભંગ હોય તેવા પરિસ્થિતિમાં આ બાંધકામોની પૂર્વ પરવાનગી અને મંજુરી કયા સંજોગોમાં કોને આપી ? જેમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાનું લોકો કહે છે. સરકાર દ્વારા તપાસ કરાવી યોગ્ય કરવાની માંગ ઉઠી છે.

# સે-૨૨માં પાણી અને આંતરિક સ્ટ્રીટ લાઈટોની ગંભીર સમસ્યા

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સેક્ટર-૨૨માં છેલ્લા ઘણા સમયથી આંતરિક સ્ટ્રીટ લાઈટો બંધ છે અને આજ સેક્ટરમાં પાણીનો પૂરતો ફોર્સ ન મળતા સ્થાનિકો ત્રાહિમામ પોકારી ગયા છે. આંતરિક સ્ટ્રીટ લાઈટો અને પાણીનો પ્રશ્ન ઘણા સમયથી અટવાઈ પડયો છે તે વહેલામાં વહેલી તકે ઉકેલ આવે તેમ ઈચ્છી રહ્યા છે.

શહેરનું જૂના સેકટરોમાંનું એક સેકટર-૨૨માં શહેરનું પૌરાણિક પંચદેવ મંદિર આવેલું છે. સમી સાંજે અહીંયા ઘણા જ લોકો દર્શનાર્થે આવતા હોય છે. પરંતુ દર્શન કરી પાછા જતી વખતે સેકટરની આંતરિક લાઈટો બંધ હોવાથી ઘરડાં લોકોને તકલીફ પડી રહી છે. આ આંતરિક લાઈટો સત્વરે ચાલુ થાય તેવી માંગણી સ્થાનિકો દ્વારા જવાબદાર તંત્રને કરવામાં આવી છે. ગરમીના આકરા દિવસોમાં સમગ્ર શહેરમાં પાણીનો વપરાશ વધી જતો હોય છે. પરંતુ સેકટર-૨૨માં છેલ્લા ઘણા સમયથી ઘરની બહાર બનાવેલી ચોકડી જેમાં નળ નીચા હોય છે તેવી જગ્યાએથી પાણી ભરવા માટે સ્થાનિકો મજબુર થઈ રહ્યા છે. એનું કારણ એ જ છે કે પાણીનો ફોર્સ એટલો મળતો નથી કે રસોડા સુધી પણ પાણી પહોંચે આથી સ્થાનિકો દ્વારા કમસેકમ ગરમીના દિવસોમાં પાણીનો પૂરતો ફોર્સ મળી રહે તેવી માંગણી કરવામાં આવી છે.

# વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા રાહતદરે ચોપડાનું વિતરણ

ગાંધીનગર, તા. ૯

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગર દ્વારા સંસ્થાના સભ્યોના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રાહતદરે ચોપડા આપવાનું આયોજન કર્યું છે. રાહત દરના ચોપડાનું વિતરણ ૯મી જૂન-૨૦૧૩ થી ૩૦મી જૂન-૨૦૧૩ દરમિયાન શ્રી વિશ્વકર્મા મંદિર, સેક્ટર-૧૨ના કાર્યાલય પરથી સવારના ૧૦.૩૦થી ૧૨ કલાક તથા સાંજે ૬ થી ૭ કલાક દરમિયાન કરવામાં આવનાર છે. વિદ્યાર્થીની માર્કશીટની નકલ આપીને રાહતદરના ચોપડા મેળવી લેવા શ્રી વિશ્વકર્મા સેવા સમાજના પ્રમુખ પુરુષોત્તમદાસ ગજજર અને મંત્રી રસિક ગજજરે સંયુક્ત યાદીમાં જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૮
સૂર્યાસ્ત : ૭.૦૮

### તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૩ ટકા ● સાંજે ૪૩ ટકા

### મનોરંજન

**સિને મેક્સ**

: સ્ક્રીન-૧ :
યે જવાની હે દિવાની : ૮.૫૦, ૩.૨૦, ૬.૩૫, ૯.૫૦
યમલા પગલા દિવાના ૨ : ૧૨.૫
: સ્ક્રીન-૨ :
યમલા પગલા દિવાના ૨ : ૮.૫૦, ૩.૦૫, ૯.૩૫
યે જવાની હે દિવાની : ૧૧.૫૦
આફ્ટર અર્થ (હિન્દી) : ૬.૨૦
: સ્ક્રીન-૩ :
આફ્ટર અર્થ (હિન્દી) : ૧૦.૨૦, ૩.૦૫
ફસ્ટ એન્ડ ફુરીઓસ -૬ (હિન્દી) : ૧૨.૩૫
યમલા પગલા દિવાના ૨ : ૫.૨૦
યે જવાની હે દિવાની : ૮.૩૫
: સ્ક્રીન-૪ :
યમલા પગલા દિવાના ૨ : ૯.૩૫, ૧૨.૫૦, ૭.૨૦
યે જવાની હે દિવાની : ૪.૦૫
આફ્ટર અર્થ (હિન્દી) : ૧૦.૩૫

**સૂર્યા, વાવોલ**

યમલા પગલા દિવાના ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રામદાસ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
યમલા પગલા દિવાના ૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
યે જવાની હે દિવાની : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
યમલા પગલા દિવાના ૨ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
યે જવાની દીવાની : ૧.૦૦, ૭.૦૦

**ચિરાગ, કલોલ**

યમલા પગલા દિવાના ૨ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : આર્થિક લાભ સંબંધી વિશેષ મહત્વના કાર્યોમાં વિવાદો ઉભા ન થાય તેની કાળજી રાખવી. એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં ચિંતનનો યોગ બની રહ્યો છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ. આવકના સ્ત્રોતોથી લાભ પ્રાપ્તિ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાળા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે. કલાત્મક ક્ષેત્રથી ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**કર્ક** : આર્થિક ઉન્નતિ થશે. આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ યોગ બની રહ્યો છે.

**સિંહ** : જ્ઞાન શોધ કાર્યોમાં આપનું મન પરોવાશે. મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર-વિમર્શ થઈ શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ- કચેરીના મુદ્દે સાવચેતી રાખવી. ખાનપાનનું ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓની લગતી બાબતોમાં યાત્રા અને ખર્ચ થશે.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે. રોગ નિવારણાર્થે કાર્યો માટે યાત્રા પ્રવાસ થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. શુભ કાર્યોની શરૂઆત થશે. ધાર્મિક કાર્યો તરફ તમે પ્રેરાશો. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

### ચિરવિદાય

- સ્વ.નનસુખભાઈ રામજીભાઈ સતાસીયા(ઉ.વ. ૫૧) પ્લોટ નં. ૧૩૧૬/૨, સેકટર-૩/બી, ગાંધીનગર.
- સ્વ.જ્યોતિબેન મનોજભાઈ નાયક (ઉ.વ. ૧૮) મુ.પો. રકનપુર, તા. કલોલ, જિ. ગાંધીનગર.